dakshinayan દક્ષિણાયન
UNIVERSITY NEWS LETTER
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
September-October 2013 For private circulation only Vol. 05 - Issue 114-115

earth provides enough to satisfy everyone's needs but not everyone's greeds.

M. K. Gandhi

અહિંસાનો અર્થ છે અનંત પ્રેમ. તેનો અર્થ છે કષ્ટ સહેવાની અનંત શકિત.

મહાત્મા ગાંધીજી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

અમેરિકન ડોલર પોતે આપત્તિમાં હોય અને છતાં એની સામે ભારતીય રૂપિયો ગગડતો જાય એવી વર્તમાન કટોકટીમાં વિશ્વવંદ્ય વિભૂતિ મહાત્મા ગાંધીજીની વિચારધારા, ઘણીબધી રીતે પ્રસ્તુત છે. સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક તો ઠીક પણ સ્વાસ્થ્ય-ચિકિત્સા જેવાં ક્ષેત્રોમાં યે એમણે મૂલ્યવાન વિચાર-સંપદા જગતને આપી છે. આજે જયારે વિશ્વ સમગ્ર વૈશ્વિકીકરણ તેમજ વધુ પડતા ઔદ્યોગિકીકરણની માઠી અસરોમાંથી બચવા ચિંતામાં ગરકાવ છે, ત્યારે મહાત્મા ગાંધીજીની વિચારધારા સાર્વત્રિકપણે માર્ગદર્શિક બની રહેનારી છે એમ જગતના શ્રેષ્ઠ ચિંતકોને વાજબી જણાયું છે.

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ પોતાની ઓફિસમાં ગાંધીજીનું તૈલચિત્ર રાખ્યું છે. પ્રેરણાસ્ત્રોત એવા ગાંધીજીના વિચારો અમેરિકન પ્રમુખને સાર્વભૌમિક લાગ્યા છે. નેલ્સન મંડેલા, દલાઈ લાલા તથા ડૉ. માર્ટિન લ્યૂથર કિંગ જેવા દિગ્ગજ રાષ્ટ્રપુરુષોએ ગાંધીવિચારને અપનાવીને એ પરત્વે પોતાની ઋણ સ્વીકારની ભાવના પ્રગટ કરી છે.

દુનિયાના કોઈપણ શહેરમાં જેમનું નાનું-મોટું સ્મારક જોવા મળી શકે એવા મહાત્મા ગાંધીજીને સમગ્ર વિશ્વે વીસમી સદીના શ્રેષ્ઠ માનવરૂપે ઓળખાવ્યા છે. એમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પ્રજાના સમાન હિતો પ્રત્યે ઉદાસીન રહેતી સમાજવ્યવસ્થાનું માળખું બદલી નાખવાનો પુરુષાર્થ આદર્યો. અડધી સદી જેટલો સમય ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનું વિરલ ઐતિહાસિક આંદોલન ચલાવી સમગ્ર વિશ્વને એમણે સત્ય, અહિંસા, પ્રેમ તથા અપગ્રહનો માર્ગ ચીંધ્યો. આચાર તથા વિચારની એકતા એમણે મન-કર્મ-વચનથી સૌ પહેલાં તો પોતાના જ અસ્તિત્વમાં સિધ્ધ કરી બતાવી. એ પ્રકારે કોઈ પણ સામાન્ય અદનો આદમી વામનમાંથી વિરાટ કેવી રીતે બની શકે એનો બોધપાઠ પ્રજાને આપ્યો. સદીઓ સુધી ન ભુંસાય એવું એમનું અદ્ભુત અને વિરાટ વ્યકિતત્વ ઈતિહાસનાં પૃષ્ઠો ઉપર સુવર્ણ અક્ષરોથી અંકાઈ ગયું છે.

કોઈ પણ માનવીને સમાજમાં કયાંય કશા શોષણના વિષચક્રમાં ફસાવું ન પડે એવી સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરવાની દિશામાં ગાંધીજીએ જીવનભર વિચાર્યું અને સૂઝ્યું તે અમલમાં મૂકયું. કોઈ પણ પ્રકારના શોષણમાં માનવીય હિતોની અવગણના થઈ રહી છે એ એમનું નિરીક્ષણ હતું. એવા શોષણને અટકાવવાને તેઓ હમેશા તત્પર રહયા. ૧૮૯૩માં તેઓ આફ્રિકા ગયા ત્યારે ત્યાંના હિન્દીઓના મૂળભૂત અધિકારો માટે જબરી લડત ચલાવી. ૧૯૧૫માં હિન્દ આવ્યા. બિહારના ચંપારણમાં ગળીની ખેતી કરીને પેટિયું રળતા ગળિયાઓના અન્યાયો સામે મોરચો માંડયો. રોલેટ એકટ દ્વારા થતા અન્યાય સામે દેશભરમાં વિરોધ-સભાઓ યોજી તથા પ્રાર્થના-ઉપવાસ દ્વારા સમસ્ત પ્રજાને એક થવા હાકલ કરી. ખેડા સત્યાગ્રહ તથા બારડોલી સત્યાગ્રહમાં દેશવાસીઓને નિર્ણાયક માર્ગદર્શન તથા નેતૃત્વ પૂરું પાડયું. ૧૯૨૦માં અંગ્રેજો સામે સંપૂર્ણ અસહકારનું આંદોલન છેડયું. પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા સાથે મીઠાના સત્યાગ્રહ માટે અભૂતપૂર્વ એવી 'દાંડી કૂચ' આરંભી. ૧૯૪૨માં અંગ્રેજોને 'હિંદ છોડો'નું આહવાન કર્યું. દેશની પ્રજામાં એવો ચૈતન્ય સંચાર કર્યો કે ૧૯૪૭માં, ભારતીય પ્રજાને સ્વરાજ સોંપીને અંગ્રેજોએ નમવું પડયું. આ બધી પ્રવૃત્તિઓમાં ગાંધીજીની વિચારધારા તેમજ આચરણશૈલીમાં કેન્દ્રમાં સત્ય, અહિંસા, પ્રેમ, અપરિગ્રહ જેવાં મૂલ્યોનો પ્રાણવાયુ સ્ફૂરતો હતો. જેના પ્રભાવને કારણે અંગ્રેજ સરકારનાં તમામ શસ્ત્રો હેઠાં પડયા.

અહિંસા, ખાદી, રેંટિયો, યંત્રો, લઘુઉદ્યોગો - એવા ઘણાં પાસાંઓ વિશે ગાંધીજીના અભિગમ પરત્વે ઘણાંએ વિવાદ ઊભા કર્યા છે. પરંતુ પ્રસ્તુત : એ પાસાંઓ દ્વારા ભારતની વેરવિખેર પ્રજાને એકમત બની સ્વરાજપ્રાપ્તિ માટે બ્રિટિશ સલ્તનત સામે કઈ રીતે લડાઈ લડવી, કઈ રીતે આક્રમણ કરવું અને ધ્યેય પ્રાપ્ત કરવું - એવી વ્યૂહરચનાનો જ એક ભાગ હતો.

યંત્રોના વધુ પડતા ઉપયોગને કારણે ભારત ક્રમશઃ વધુને વધુ ઈંગ્લેન્ડનું આશ્રિત બનતું જતું હતું. આ પરાધીનતા નિવારવાના ઉપાય લેખે ગાંધીજીએ ખાદી, રેંટિયો તથા લઘુઉદ્યોગોનો મહિમા કર્યો અને મશીનરીથી બનતી વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર કર્યો. ગાંધીજી કયારેય મશીનના વિરોધી ન હતા. સાદગી અને કરકસરના હિમાયતી ગાંધીજીએ

ક્યારેય માળખાગત સુવિધાઓનો વિરોધ નહોતો કર્યો. સગવડ-સુવિધા જો સૌને ઉપલબ્ધ બને એમ હોય તો એનો એમણે ક્યારેય વિરોધ નોંધાવ્યો ન્હોતો. તન-મનને સ્વસ્થ રાખનારી, શોષણ ન થાય એની તકેદારી રાખનારી તથા માનવીય મૂલ્યોને જાળવનારી સુ-સંગત ટેકનોલોજીને એમણે આવકારી છે. ઉદ્યોગો થકી સ્વસ્થ અને સ્વચ્છ ઉત્પાદન-વિતરણ વ્યવસ્થાનો એમણે આદર કર્યો હતો. અઢળક કમાણી કરતી મિલો વિશે એમણે કહ્યું હતું : "હું કાપડની મિલોનો નાશ કરવાની વાત કરતો નથી. દુરાચારને કારણે મિલો બંધ પડશે તો સ્વદેશી સરકાર મદદ કરવા આવશે નહીં."

એ ગાળામાં અમેરિકામાં હેન્રી ફોર્ડ દ્વારા આધુનિક ટેકનોલોજીના પ્રયોગથી જથ્થાબંધ કાર બનાવવાના કારખાનાં રૂપે 'માસ પ્રોડકશન'નો આરંભ થઈ ચૂક્યો હતો. એસેમ્બલી લાઈન પદ્ધતિથી કારનું ઉત્પાદન અનેકગણું વધારી દેવામાં આવ્યું હતું. એમાં યંત્રોના ઉપયોગથી દસ માણસનું કામ એક જ માણસ દ્વારા થઈ જતું હતું. મશીનયુગનો પ્રભાવ વિશ્વભરમાં વ્યાપક બનતો ચાલ્યો હતો.

માનવજાત ઉપર પ્રભાવી થઈ જનારા મશીનો વિશે "મોડર્ન ટાઈમ્સ" નામની ફિલ્મ બનાવનાર જગવિખ્યાત ચાર્લી ચેપ્લીન સાથે ગાંધીજીની મુલાકાત થયેલી. એમાં ચાર્લીએ ગાંધીજીને એક પ્રશ્ન કરેલો : "હિંદુસ્તાનમાં રશિયા જેવી મોકળાશ હોય. બેકારોને બીજું કામ મળતું હોય, સંપત્તિની સમાન વહેંચણી હોય, તો મને યંત્રોનો તિરસ્કાર નહીં કરો ?

ગાંધીજીએ ઉત્તર આપેલો : "ચોકકસ, એ સંજોગોમાં હું યંત્રોનો તિરસ્કાર ન કરું."

ગાંધીજીએ બેરોજગારીની સમસ્યાને ઉકેલ શ્રમયુકત ઉત્પાદનની પ્રક્રિયારૂપે દર્શાવેલો. સાદાં યંત્રો એટલા માટે કે એ વખતે ઓછું ભણેલા ય જાતે એની મરામત કરી શકે. માનવસંસાધન તેમજ માનવશકિતનો મહત્તમ ઉપયોગ ગાંધીજીને અપેક્ષિત હતો. પોતાને ઈષ્ટ વિચારધારા પોતાના આચરણ દ્વારા જ એમણે પ્રજા સુધી પહોંચાડી. પોતાને પહેરવાનાં વસ્ત્રો દરેક વ્યકિતએ જાતે વણીને તૈયાર કરવાં - એ બાબત તત્કાલીન રાષ્ટ્રીય ચારિત્ર્યના અંશરૂપ જીવનશૈલી હતી.

બિહારનો આખાલીની વિસંવાદિતા વખતે ગાંધીજીને ૧૯૪૭ની ૩૦મી માર્ચે વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને મળવા બોલાવેલા. વિમાનની ટિકિટ મોકલી હતી છતાં તેઓ ટ્રેનમાં ગયા. કહ્યું હતું : "જે વાહનમાં ગરીબો મુસાફરી ન કરી શકે, તેમાં મારાથી કેમ બેસાય ? ટ્રેનમાં તો હું મારું કામ સારી રીતે કરી લઉં છું. એટલે હું તો આગગાડીમાં જ આવીશ."

ચોવીસ કલાકની દિલ્હી સુધીની રેલ્વે યાત્રા અને અસહ્ય ગરમી-ઉકળાટ. ગાંધીજીને તકલીફ ન પડે એ માટે બે ખાનાવાળો ડબો પસંદ કરવામાં આવ્યો હતો. ચાલુ મુસાફરીએ ગાંધીજીએ નિહાળ્યું કે ટ્રેનના બીજા ડબાઓમાં યાત્રીઓ બહાર લટકીને મુસાફરી કરી રહ્યા હતા. આગલા સ્ટેશન સુધીમાં તો એમણે બે ખાના પૈકી એક ખાનું ખાલી કરાવી નાખ્યું. સ્ટેશન માસ્તરને કહી લટકતા મુસાફરો માટે ખાલી કરેલી જગા ઉપયોગમાં લેવા સૂચના આપી દીધી.

યુરોપના મહાન ચિંતક અને શાંતિવાદી રોમાં રોલાંને મળવા ગાંધીજી ગયા હતા. મુલાકાત દરમ્યાન ઘણી વાતો થઈ. વિદાય આપતાં રોમાં રોલાં ગાંધીજીને ભેટ્યા. સ્વિટ્ઝર્લેન્ડની સરકારે ટ્રેનની પ્રથમ વર્ગની ટિકિટ મોકલી હતી. ગાંધીજીનો બધો સામાન પ્રથમ વર્ગના ડબામાં ગોઠવાઈ ચૂક્યો હતો. ગાંધીજીને ત્રીજા વર્ગના ડબામાં ચડતા જોઈ રોમાં રોલાં બોલી ઊઠ્યા : "અરે થોભો ! એ તો ત્રીજા વર્ગનો ડબો છે."

ગાંધીજીએ કહ્યું : "તો સામાનને ત્રીજા વર્ગમાં મુકાવી દો..."

"પણ ત્રીજો વર્ગ તો ઘણો ભરચક છે."

"તો અહીંથી થોડાકને પ્રથમ વર્ગમાં મોકલી દો. હું તો અહીં જ ચડું છું."

ઔદ્યોગિક ક્રાન્તિએ વધારેલી સુખ સગવડો તથા વકરી રહેલા ભૌતિકવાદી અભિગમને કારણે ઊભી થનારી સમસ્યાઓ વિશે ગાંધીજી સભાન હતા. માનવસંસાધનોના સમ્યક્ ઉપયોગની સમજ સૌમાં કેળવાય એ માટે પોતાના જ ઉગ્ર આચાર-વિચારથી એમણે આરંભ કરેલો.

અહિંસાની ગાંધીજીની વિભાવના પણ એવી જ સૂક્ષ્મ દ્રષ્ટિ ધરાવતી હતી. મળતી સગવડોનો દુરુપયોગ કરવો; જે ખપનું નથી છતાં વધારે મળે છે માટે વાપરી નાખવું - એવી સ્થૂળ મનોવૃત્તિને એમણે હિંસા ગણાવી હતી.

લોક શિક્ષણના માધ્યમ તરીકે ગાંધીજી આજીવન લખતા રહ્યા. એમણે પોતાને કદી સાહિત્યકાર તરીકે ઓળખાવ્યા નથી. છતાં એ કાળના સાહિત્યકારોની ચેતના ગાંધીવિચારથી તીવ્ર પણે આંદોલિત થઈ હતી. 'ઈન્ડિયન ઓપિનિયન', 'નવજીવન', 'યંગ ઈન્ડિયા', 'હરિજન', 'હરિજનબંધુ', 'હરિજન સેવક' - એમ ઘણા વૃત્તપત્રોના સંપાદન નિમિત્તે એમણે રચનાત્મક વિચારો વ્યકત કરતાં અઢળક લખાણો લખ્યાં. એ નિમિત્તે ગુજરાતી ગદ્યનું તાજગીભર્યું ખેડાણ થયું. સાહિત્યકારોને એમણે કોશિયો પણ સમજી શકે એવી સરળ બાનીમાં સાહિત્યસર્જન કરવા પ્રેર્યા.

'હિંદસ્વરાજ', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' તેમજ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' - આ ત્રણ ગ્રંથો સમગ્ર વિશ્વસાહિત્યને ગાંધીજીનું મૂલ્યવાન અર્પણ છે. વિશેષતઃ 'સત્યના પ્રયોગો' આત્મકથામાં ગાંધીજીનું નિરાભિમાની આત્મશોધક તરીકેનું વ્યકિતત્વ પારદર્શક રીતે ઊપસી આવ્યું છે. એમની ગદ્યશૈલી વાગ્મિતાના આડંબર વિનાની, મહદંશે અનલંકૃત છતાં સીધું, સાફ અને સચોટ તાકતી હોવાને કારણે નવા ચૈતન્ય-સ્ફુરણો જગાડનારી છે. નિર્દંભ રજૂઆત, નિર્ભીક કબૂલાત તથા નિર્મમ આત્મપરીક્ષણ - જેવા ગુણલક્ષણોને કારણે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વિશ્વસાહિત્યની નોંધપાત્ર સાહિત્યકૃતિ તરીકે સ્વીકાર તથા આદર પામી છે.

ભારતભૂમિના આપણા આ રાષ્ટ્રપિતા, વિશ્વ સમગ્ર જેમને વંદન કરે છે એવા મહામાનવ; કે જેમણે આ પૃથ્વીપટ ઉપર Supermanની પરિકલ્પનાને સદેહે સાકાર કરી બતાવી; એમની જન્મજયંતીએ આપણા કોટિ કોટિ વંદન...

તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Seminar



Balvant Parekh Centre for General Semantics and Other Human Sciences and Department of' English, Veer Narmad South Gujarat University, Surat, jointly organized III Certificate Course on "Peace, Forgiveness and Non-Violence: Perspectives from Gandhi, Martin Luther King and Korzybski" on 23-27 September 2013 despite rains and flood. Dr. P. C. Kar, internationally renowned professor of English studies, Mr. Devkurnar Trivedi, Dr. Bini B.S., Dr. Kiran Desai, Dr. Sadan Jha and the faculties of' English of universities of Gujarat delivered lectures for the benefit of the students/ participants. Reading material was distributed among the participants well in advance and this workshop was highly interactive by nature. Alfred Korzybski, in the post World War I scenario looked at violence from an angle of individual immaturity getting translated to a social disaster. According to him the First World War should have ideally marked the end of humanity's childhood and beginning of adulthood, indicating that non-violence is the quality of' a mature, thoughtful sober mind and an emotion skin to love and forgiveness. He believed in time binding as a conscious and responsible process channelizing the knowledge, skills and efforts assimilated by the generations of human race for the benefit of one's contemporaries and posterity. The certificate course looked at Korzybsk's of war, peace and humanity against a larger framework of the Gandhian idea of ahimsa and Martin Luther King's views on non-violence inspired by Gandhi. For Gandhi, ahimsa is the deepest and unconditional love for humanity, including one's opponents. Gandhi and King affirm that non-violence is not a merely refraining from harming others. There is an erasure of hatred and ill-will towards the fellow beings that requires tolerance, will power, forgiveness and loving kindness. Non-violence facilitates the creation of a just society that does not thrive on the animal logic of 'the might is right.' A mental habit of non-violence can also act as an antidote to the domination of demagogues and hate speeches about which Korzybski always warned in his texts. The will of the tyrant is not accepted meekly, but the convictions of people can effectively and collectively resist tyranny and oppression through nonviolent means. This is not a utopian dream, but a successful strategy that worked in the independence movements of India, to some extent in South Africa and also in anti-slavery movements. The course involved intensive reading of select texts and interactions between the students/participants and the faculties.

# કોલેજ ન્યૂઝ

## એન.એસ.એસ.

વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સમાં આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશીની અધ્યક્ષતામાં એન.એસ.એસ.માં જોડાયેલા નવા વિદ્યાર્થીઓ માટેનો પ્રશિક્ષણ શિબિર યોજાયો. જેમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિને સમજાવવા શાહ એન.એચ. કોમર્સ કોલેજના આચાર્ય પ્રો. ડૉ. જે.એમ. નાયક ઉપસ્થિત રહયા હતા. આચાર્ય તેમજ ઉપાચાર્યએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું. એન.એસ.એસ. ઓફિસર પ્રા. જયંત પટેલે સૌને આવકારી મહેમાન વકતા પ્રિ. ડૉ. જે.એમ. નાયકનો પરિચય આપ્યો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. સુકાનીએ આભારવિધિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓ. રંજનબેને કર્યું હતું.




શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. દ્વારા ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ 'માય અર્થ માય ડયુટી' અંતર્ગત - 'વૃક્ષારોપણ'નો કાર્યક્રમ સંપન્ન થયો. આચાર્યશ્રી, ડૉ. બુટાણી તથા ઉપાચાર્ય શ્રીમતી આર.બી. દેસાઈએ પોતાના હસ્તે વૃક્ષારોપણ કરી, આ કાર્યક્રમને ખુલ્લો મૂકી, પ્રસંગોચિત વકતવ્યથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યાર બાદ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર્સ સાથે સ્વયંસેવકોએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લઈ, વિવિધ જાતોના વૃક્ષોના રોપાઓનું વાવેતર કર્યું હતું અને આ કાર્યક્રમના અંતે સ્વયંસેવકોએ સ્વસ્થ પર્યાવરણ અંગે લોકોમાં જાગૃતિ કેળવવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. ત્યાર બાદ તા. ૩૦-૮-૧૩ના રોજ પ્રથમ વર્ષ બી.એ.ના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ માટે એક પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી ડૉ. બૂટાણી તથા ઉપાચાર્ય શ્રીમતી ડૉ. રશ્મિબેન દેસાઈએ ઉપસ્થિત રહી પ્રસંગોચિત પ્રેરક વકતવ્ય આપ્યું હતું. ત્યાર બાદ વકતા તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. બી.એસ. પરીખ તથા ડૉ. ડી.જે. ટંડેલે - એન.એસ.એસ., વિષે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. ઓફિસર પ્રા. જયોતિબેન જોષીએ કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. તથા રકતદાન કેન્દ્ર વલસાડના સંયુકત ઉપક્રમે આયોજિત રકતદાન શિબિરનું ઉદ્‌ઘાટન પ્રા. ટી.જી. પટેલ તથા બ્લડ બેંકના સભ્યો દ્વારા પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલની ઉપસ્થિતિમાં થયું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ૪૫ ભાઈઓ અને ૧૦ બહેનો મળી કુલ ૫૫ વિદ્યાર્થીઓએ રકતદાન કરી બ્લડ બેંકને સુપરત કર્યું હતું. રકતદાતાઓમાં જાગૃતિ લાવવા માટે કુ. સુનિતા રાજેશ, કુ. કિન્નરી પટેલ, કુ. નિકીતા પવાર તથા કુ. દિવ્યા પટેલે રકતદાન સંદેશ

પ્રદર્શિત કરતી સુંદર રંગોળી પ્રદર્શિત કરી હતી. પ્રોગ્રામ ઓફિસર્સ તથા સ્ટાફ સભ્યો દ્વારા કાઉન્સેલિંગ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા. તદ્‌પરાંત કોલેજમાં એન.એસ.એસ.ના ઉપક્રમે શાહ કે.એમ.લો કોલેજના કાયદાના પ્રા. ડૉ. સંજયભાઈ મણિયાર 'એન્ટી રેગિંગ એક્ટ-૨૦૦૯' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. શરૂઆતમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વક્તાને આવકાર્યા હતા. પ્રા. કે.પી. પટેલે પુસ્તક પુષ્પથી વક્તાનું સ્વાગત કર્યું હતું. પ્રા. ડૉ. મણિયારે રેગિંગના અનેક કિસ્સાઓ વર્ણવી તેના પર થયેલ કાર્યવાહીઓ અને ચૂકાદાઓની માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને રેગિંગ કોને કહેવાય અને તે બને તો કેવી કાર્યવાહી કરવી તથા રેગિંગ ન બને તે માટે કોની કેવી જવાબદારી છે તે અંગે જાણકારી આપી હતી. તેમણે 'નેશનલ એન્ટી રેગિંગ હેલ્પ લાઈન'ની જાણકારી આપવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા પ્રા. આર.આર. પટેલ તથા પ્રા. વી.આર. ચાંપાનેરીએ ઉઠાવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે યોજાયેલ યુનિવર્સિટીની વિવિધ કોલેજોના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ માટે પ્રિ. આર.ડી. પરેડ સિલેક્શન અને વિવિધ સાંસ્કૃતિક અને વાદ્-સંવાદ પ્રકારની સ્પર્ધાઓમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકની રાહબરી હેઠળ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.આર. પટેલ, પ્રા. વી.આર. ચાંપાનેરી તથા પ્રા. કે.સી. પટેલની દોરવણી નીચે વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ભાગ લીધો હતો. જેમાં સમૂહ ગાન સ્પર્ધામાં કુ. સોનાલી પ્રજાપતિ, કુ. ફાલ્ગુની પટેલ, કુ. મનિષા જૈન, કુ. સુનિતા રાજેશ, કુ. કલ્યાણી કલ્યાણી, તથા કુ. પ્રિયંકા ગાંવિતે પ્રથમ ક્રમ તથા નિબંધ સ્પર્ધામાં કુ. કલ્યાણી કલ્યાણીએ પ્રથમ ક્રમ તથા વક્તૃત્વ સ્પર્ધામાં કુ. સોનાલી પ્રજાપતિએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જેઓ હવે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ અમદાવાદ ખાતે એન.એસ.એસ. ડે ની ઉજવણી પ્રસંગે કરશે. જ્યારે પ્રિ. આર. ડી. પરેડ માટેના શ્રી વિતાન વોરા સિલેક્ટ થતા તેઓ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યુનિવર્સિટી ટીમમાં સામેલ થશે.

## એન.સી.સી.

વી.એસ.પટેલ કોલેજના ૧) શેખ પરવેઝ. આઈ., ૨) કનોજીઆ સંજય.એચ., ૩) રાઉત રાજુ. કે., ૪) ગાંવિત શાંતીલાલ એ., ૫) જોગારી વિજય કે., ૬) મહાકાલ ભાવેશ એન., ૭) પટેલ જીગર, એમ., ૮) પટેલ ટિવકલ આર. એ ૨૦ ગુજ બટાલીયન એન.સી.સી. દ્વારા આર્મી એટેચમેન્ટ કેમ્પમાં જામનગર મુકામે ભાગ લીધો હતો. તેઓએ લશ્કર અંગેની પાયાની ટ્રેનિંગ અને સમજણ મેળવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.સી.સી. કેડટસોએ ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, ચીખલી મુકામે તા. ૯-૮-૧૩ સુધી સીએટીસી કેમ્પમાં ભાગ લીધો હતો. કેમ્પ દરમ્યાન યોજાયેલ સ્પર્ધામાં કોલેજના અન.સી.સી. કેડટસ ભાઈઓ વોલીબોલમાં રનર્સ અપ અને બહેનો ખો ખોમાં રનર્સ અપ બની મેડલ્સ પ્રાપ્ત કર્યા હતા.

## વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં વર્ષ : ૨૦૧૩-૧૪ માટે વિદ્યાર્થી સંસદની રચના થઈ હતી. વિદ્યાર્થી સંસદની રચનાનું આયોજન ડૉ. મનસુખભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સંપન્ન થયું હતું. કોલેજના સામાન્ય મંત્રી ઓડ રાહુલ નગીનભાઈ, નાણાં મંત્રી ગરવાલ હિતેશ કમજીભાઈ, પ્લાનીંગ ફોરમમંત્રી ગરસિયા સોનલ માણેકભાઈ, પ્રવાસમંત્રી મિસ્ત્રી મયંક કિશોરભાઈ, રમત-ગમત મંત્રી વાડકર વિજયભાઈ રામુભાઈ, મેગેઝીન મંત્રી પટેલ સેફાલી સુભાષચંદ્ર, વાદ વિવાદ મંત્રી ટેલર અપેક્ષા રમેશચંદ્રની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. કિશોરભાઈ આર. નાયકે વિદ્યાર્થી સંસદને અભિનંદન આપી સંસ્થાના વિકાસ અને સશક્તિકરણ માટે કશુંક નક્કર કરવા માટે શુભેચ્છા પાઠવી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય મંત્રી પટેલ નિરવભાઈ, સાંસ્કૃતિક સમિતિના મંત્રી ઠાકોર રચનાબેન, સામાયિક સમિતિ - વસાવા દેવેન્દ્રભાઈ, જીમખાના સમિતિ - ચંદ્રાવાડિયા સામતભાઈ, પ્રવાસ સમિતિ - ચૌધરી અવિનાશભાઈ, નાણા સમિતિ - માહ્યવંશી દિવ્યેશભાઈ, વાદ્‌સભા સમિતિ - શાહ ભાવેશભાઈ, તથા પ્લાનિંગ ફોરમ સમિતિ - ચૌધરી હીનાબેનની વરણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ વરણી સીલેકશન પધ્ધતિથી કરવામાં આવી હતી.

## મુલાકાત

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના નેવું જેટલા વિદ્યાર્થીઓ પ્રા. ડૉ. રશ્મીબેન પટેલ અને કુ. દિપા કૌરના નેતૃત્વ હેઠળ લક્ષ્મી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, સરીગામની એક દિવસીય મુલાકાતે ગયા હતા. કોલેજ કેમ્પસની વિઝીટ ઉપરાંત આ વિદ્યાર્થીઓ માટે કેમ્પસમાં "એચીવીંગ મેનેજરીયલ એકસેલન્સ ફોર સસ્ટેનેબીલીટી" વિષયક સેમીનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાનપદે શાહ એન.એચ. કોમર્સ કોલેજના પ્રિ. ડૉ. જે.એમ. નાયક ઉપસ્થિત રહયા હતા. ડૉ. જે.એમ. નાયકે લક્ષ્મી વિદ્યાપીઠના સંચાલકોના આ પ્રયાસને બિરદાવી પાર્ટીસીપન્ટને શુભેચ્છા પાઠવી હતી. લક્ષ્મી વિદ્યાપીઠના પ્રિ. ડૉ. કેયુર નાયકે આચાર્ય ડૉ. જે.એમ. નાયકનું અભિવાદન તથા ફેકલ્ટી મેમ્બર્સે ડૉ. રશ્મીબેન તથા પ્રા. દિપા કૌરનું સન્માન કર્યું હતું. ઉદ્‌ઘાટન સમારેહ બાદ પ્રથમ ટેકનીકલ સેશનમાં ડૉ. કેયુર નાયકે ક્વોલીટીઝ ઓફ લીડરશીપ ફોર સસ્ટેનેબીલીટી વિષય પર, બીજા ટેકનીકલ સેશનમાં પ્રા. પૂનમ યાદવે એચીવીંગ મેનેજરીયલ એકસેલન્સ ઈન માર્કેટીંગ સ્કીલ્સ, જોબ પ્રોફાઈલ્સ અને ટેલન્ટ વિષય પર, ત્રીજા ટેકનીકલ સેશનમાં પ્રા. શ્યામસુંદર સિંહે કેમ્પસ ટુ કોર્પોરેટ વિષય પર અને ચોથા ટેકનીકલ સેશનમાં પ્રા. ભૌતિક શાહે સીમેટ રજીસ્ટ્રેશન, એમ.બી.એ. અભ્યાસક્રમ અંગે વિગતે માહિતી આપી હતી. પ્રા. ડૉ. રશ્મીબેન પટેલે આભારવિધિ આટોપી હતી.

## વર્કશોપ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૬-૮-૧૩ દરમ્યાન ત્રિદિવસીય ઈંગ્લીશ સ્પીકીંગ વર્કશોપનું આયોજન આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં રીસોર્સ પર્સન તરીકે શ્રી રાજેન્દ્રભાઈ કર્ણિકે એફ.વાય.બી.કોમ.ના કુલ ૬૦ વિદ્યાર્થીઓને સેવા આપી હતી. આ સેમિનાર અંગે ડૉ. દક્ષા ઠાકોરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી.

## આરોગ્ય

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પતંજલિ ઔષધ કેન્દ્રના યોગશિક્ષક શ્રી અરૂણભાઈ દેસાઈએ ધ્યાન, પ્રાણાયામ તથા યોગના પ્રકાર વિશે વિસ્તૃત સમજ આપી દરેક યોગનું નિદર્શન કરી તાલીમાર્થી મિત્રો પાસે પણ યોગાસન કરાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા, તથા ભગવાન મહાવીર કોલેજ ઓફ બાયોકેટનાં સંયુકત ઉપક્રમે સુરત રકતદાન કેન્દ્ર દ્વારા તા. ૨૧-૮-૧૩ના રોજ રકતદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજનાં તલીમાર્થીઓએ રકતદાન કર્યું હતું. આ પ્રસંગે ઈ.ચા. નયનાબેન ચૌહાણ તથા સામાજિક સમિતિનાં અધ્યક્ષ પ્રા. ભાવિનાબેન દેસાઈ, પ્રા. કેતકીબેન પંડયા, પ્રા. નીતાબેન મોહિતે ઉપસ્થિત રહયા હતા.

ઈવર્નીંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૭-૮-૧૩ના રોજ "સુરત રકતદાન કેન્દ્ર અને ચાંલ્લાગલી યુવકમંડળ"ના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તેમજ સ્ટાફ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



ઉધના કોલેજના ઉપક્રમે સુરત રકતદાન કેન્દ્રના સહકારથી તા. ૩-૦૯-૧૩ના રોજ સવારે દશમો રકતદાન શિબિરનું સફળ આયોજન કોલેજમાં કરવામાં આવ્યું હતું. સપ્તધારાની સામુદાયિક સેવા ધારા તથા એન.એસ.એસ.ના નેજા હેઠળ યોજાયેલ આ શિબિરમાં ત્રણ કોલેજનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ, ઉપરાંત શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓએ પણ સક્રિય રીતે ભાગ લઈ રકતદાન કર્યું હતું. આ કેમ્પમાં ૧૫૭ જેટલા યુનિટનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી કીરીટભાઈ ગાંધી તથા મંત્રી શ્રી ભાણજીભાઈ પટેલે તેમજ અન્ય ટ્રસ્ટીગણોએ હાજર રહી વિદ્યાર્થીઓને રકતદાન માટે પ્રોત્સાહીત કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડાયરેકટરશ્રી ડૉ. એ.જી. મહેતા તથા ઈ.આ.ડૉ. મેહુલ દેસાઈ તેમજ ઉપાચાર્યશ્રીઓના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ શ્રી તેજસ આર. ઘડિયાળી તથા શ્રી પરીક્ષિત કે. ઈચ્છાપોરિયાએ કર્યું હતું.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ઉધના કોલજમાં તા. ૧૧-૯-૧૩ના રોજ યોગ શિબિરનું આયોજન લાયબ્રેરીમાં કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓને યોગ-પ્રાણાયામ, મેડીટેશન અંગે ડૉ. ફાલ્ગુની એસ. વાંસિયા દ્વારા માહિતગાર કર્યા હતા. તેમજ યોગ, પ્રાણાયામ અભ્યાસમાં કઈ રીતે મદદરૂપ બને તે વિશે માર્ગદર્શન આપેલ હતું. આ કાર્યક્રમનું આયોજન ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ જીમખાના સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમનું સંચાલન શા.શિ. ના પ્રા. પરિક્ષીત કે. ઈચ્છાપોરીયાએ કર્યું હતું.

## સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત આંતર કોલેજ પાવર લીફટીંગ સ્પર્ધા અને બેસ્ટ ફિઝિકસ સ્પર્ધા નવયુગ કોમર્સ કોલેજ, સુરતના યજમાન પદે તા. ૧૬-૧૭મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ યોજવામાં આવી હતી. જેમાં નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતના મુકેશ એન. સાધુએ પાવર લીફટીંગ સ્પર્ધા અને બેસ્ટ ફિઝિકસ સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંચાલિત આંતર કોલેજ બેડમિન્ટન ભાઈઓની સ્પર્ધા તા. ૨૧-૨૨-૧૩ ઓગષ્ટ ૨૦૧૩ના રોજ નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ ઝાડેશ્વર ભરૂચ મુકામે યોજાઈ હતી. જેમાં વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ બેડમિન્ટન ભાઈઓની ટીમે સાતત્યપુર્ણ સુંદર દેખાવ કરી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલ સ્પર્ધામાં લડાયક રમત બાદ યુનિવર્સિટી રનર્સઅપ બની હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની કુ. રિયા પટેલ તા. ૧૭-૮-૧૩ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની આંતર કોલેજ મ્હેંદી સ્પર્ધામાં અરેબીક મ્હેંદી તૃતિય ક્રમે વિજેતા જાહેર થઈ હતી. તદ્પરાંત તા. ૨૭-૮-૧૩ના રોજ કવિ નર્મદની ૧૮૧મી જન્મજયંતિની ઉજવણીના સંદર્ભમાં વીર કવિ નર્મદ લિખિત કાવ્યોની કાવ્ય પઠન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કું. દર્શિનિ શાહ પ્રથમ ક્રમે, કુ. અન્વી જાની અને કુ. સુનિતા રાજેશ દ્વિતિય ક્રમે, શ્રી વિતાંત વ્હોરા તૃતિય ક્રમે તથા કુ. પ્રિયંકા ગાંવિત આશ્વાસન ઈનામ માટે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકો તરીકે દોલત ઉષા ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ કોલેજ વલસાડના ડૉ. હેતલબેન પાંચાલ તથા શ્રીમતી નીનાબેન દેસાઈએ સેવા પૂરી પાડી હતી. વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, કાર્યક્રમ ઈન્ચાર્જ પ્રા. ડૉ. દક્ષા ઠાકોર તથા સ્ટાફ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

વી.ન.દ.ગુ.યુનિની ઈન્ટર કોલેજીએટ સ્વીમીંગ ટુર્નામેન્ટનું આયોજન નારણલાલા કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા કોલેજમાં શેખ પરવેઝ આઈ ઈન્ટર કોલેજીએટ ટુર્નામેન્ટમાં ૫૦મી, ૧૦૦મી, ૨૦૦મી. બેસ્ટ સ્ટોકમાં ત્રીજો અને બીજો નંબર મેળવી અને ૪×૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ રીલેમાં ઓલઈન્ડીયા ઈ.યુનિ. જવાની ટીમમાં પસંદગી પામ્યા હતા. અને રાઉત રાજુ કે. જેઓ પણ ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં દ્વિતીય આવેલ હતાં.

તા. ૨૨-૮-૧૩ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન ખાતે રાખડી સ્પર્ધા યોજી. જેમાં તાલીમાર્થીઓએ રક્ષાબંધન પર્વ અંગે વકૃતત્વ આપ્યું હતું. જેમાં પ્રથમ માલી ગ્રીસ્માબેન, દ્વિતીય ક્રમે શાહ ઉન્નતિબેન, તેમજ ગીતસ્પર્ધામાં પ્રથમ ભરથાણીયા હેતલબેન તેમજ દ્વિતીયક્રમે તડવી કમલેશભાઈ રહયા હતા. તેમજ ચૌધરી કિન્નરીબેન અને વસાવા સુનીતાબેન સમૂહગીત રજૂ કર્યું હતું. તેમજ

રાખડી બનાવવાની સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ ક્રમે વસાવા પારૂલબેન જી. અને નિકુમ વંદનાબેન વાય. અને દ્વિતીય ક્રમે વસાવા ધર્મિષ્ઠાબેન એસ. અને તૃતીય ક્રમે પટેલ રૂપલબેન એસ. આવ્યા હતા. જયારે ભાઈઓમાં પ્રથમ તડવી બાલકનાથ જે. દ્વિતીય ક્રમે તડવી ભરતભાઈ ડી. અને તૃતીય ક્રમે તડવી વિપુલભાઈ યુ. આવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની કુ. ફાલ્ગુની પટેલ તા. ૧-૮-૧૩ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કક્ષાની આંતર કોલેજ પ્રાર્થના સ્પર્ધામાં ભાગ લીધો હતો. એમણે રજૂ કરેલ પ્રાર્થના 'હે મા શારદા...'ને પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો. તદ્‌પરાંત કુ. સિદ્દિકા કુરેશીએ તા. ૨૩-૮-૧૩ના રોજ આર્ટ્સ એન્ડ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અને દ્વિતિય ક્રમે વિજેતા જાહેર થઈ હતી. તેમને રૂા. ૨૦૧નો રોકડ પુરસ્કાર, ટ્રોફી તથા સર્ટીફિકેટ એનાયત થયા હતા.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ. તેમજ બી.સી.એ. કોલેજમાં જ્ઞાનધારા સમિતિના ઉપક્રમે તા. ૨૨-૮-૧૩ના રોજ "આંતર વર્ગ લાયબ્રેરી કિવઝ સ્પર્ધા" યોજાઈ હતી. જેમાં ૮૦ વિદ્યાર્થઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે યાદવ રૂપેશ તથા રાણા રોનકની ટીમ તથા દ્વિતીય ક્રમે જાલન સૌરભ તથા ખાન તબરેઝની ટીમ રહી. કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્યશ્રી મેહુલભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ જ્ઞાનધારા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૩૦-૮-૧૩ના રોજ વીર કવિ નર્મદ જન્મ જયંતિ ઉજવણી સપ્તાહ અંતર્ગત 'નર્મદનું સાહિત્ય અને સમાજ ક્ષેત્રે પ્રદાન' વિષય ઉપર પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે બી.કે.એમ. સાયન્સ કોલેજના પ્રા. ડૉ. નવીનભાઈ ગુપ્તે તથા ડૉ. જીતેનભાઈ પાલે સેવા આપીને વિદ્યાર્થીઓના વકતૃત્વ અનુસંધાને પ્રેરણાત્મક વાતો કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. પ્રિયંકા યાદવ, દ્વિતિય ક્રમે કુ. પિનલ સંઘવી અને તૃતીય ક્રમે શ્રી એહમદ નૈદરિયા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ 'જ્ઞાનધારા સમિતિ'ના અધ્યક્ષ પ્રા. મુકેશભાઈ ચૌહાણે કરી હતી.

વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમરોલી ખાતે રમાયેલ આંતર કોલેજ બોક્ષીંગ ટુર્નામેન્ટમાં ૬૦-૬૪ વેઈટ કેટેગરીમાં ઉધના કોલેજના વિદ્યાની ધવલ આર. એ ગોલ્ડ મેડલ મેળવ્યો છે તથા સમગ્ર ટુર્નામેન્ટમાં 'બેસ્ટ બોક્ષર' તરીકે વિજેતા બન્યા છે. તેઓ હવે BHU, વારાણસી ખાતે યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા જશે.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં ઈન્ટર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા તા. ૩-૯-૧૩ના રોજ યોજવામાં આવી હતી. ચિત્રકલાના નિર્ણાયકો તરીકે મંડવી ફાઈન આર્ટસ કોલેજના આચાર્યા શ્રીમતી રૂબીબેન, સુરતન આર્ટીસ્ટ પ્રા. ગજેન્દ્રભાઈ મજિઠીયા તથા પ્રા. શ્રી કિશોરભાઈ એ સેવા આપી હતી. ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા તથા મહેમાનોના શુભહસ્તે ઈનામો ટ્રોફી તથા સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઈન્ટર કોલેજ શીઘ્રચિત્રકલા સ્પર્ધા : પ્રથમ- કુ. શાહ અનેરી એસ. (શ્રી ભગવાન મહાવીર કોલેજ), દ્વિતીય- કુ. બેલાંની નિધિ એમ. (સર એસ.કે.પી ઈવનીંગ કોલેજ), તૃતીય- શ્રી રાઠોડ યોગેશ બી., (સર કે.પી. કોમર્સ, સુરત), આશ્વાસન ઈનામ- કુ. રીચા એલ.સીગ, (શ્રી ભગવાન મહાવીર કોલેજ), આશ્વાસન ઈનામ- શ્રી પટેલ પરિમલ એ. (વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરા), આશ્વાસન ઈનામ- શ્રી હિરેન ડી. પટેલ (કે.એમ. કોલેજ, ભરૂચ). ઈન્ટર ફાઈન આર્ટસ કોલેજ શીઘ્રચિત્રકલા સ્પર્ધા : પ્રથમ- શ્રી પારેખ અભિશેષ (વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી), દ્વિતીય- શ્રી આશિષ ચૌધરી (માડવી ફાઈન આર્ટસ કોલેજ), તૃતીય- શ્રી પ્રજાપતિ કિરણ પી. (બી.એ. મહેતા કોલેજ, અમલસાડ), આશ્વાસન ઈનામ- શ્રી નરેન્દ્ર એમ. (બી.એ. મહેતા કોલેજ, અમલસાડ), આશ્વાસન ઈનામ- શ્રી શ્યામ વી. હળપતિ (માંડવી ફાઈન આર્ટસ કોલેજ). સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના વિજેતાઓ : પ્રથમ- શ્રી રાઠોડ યોગેશ, દ્વિતીય- કુ. નિધિ ગામીત, તૃતીય- શ્રી વિજય ચૌધરી, આશ્વાસન ઈનામ- કુ. દિવ્યા કે., આશ્વાસન ઈનામ- કુ. ટિવન્કલ ચાંપાનેરીયા.

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના રાજપૂત અક્ષય કે. જેણે આંતર કોલેજ મિમિક્રી સ્પર્ધામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધાનું આયોજન સુરત શહેરની જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સપ્તધારાની "નાટયધારા" હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની ૧૩ કોલેજનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સપ્તધારા હેઠળ "આંતર કોલેજ ચિત્રકળા સ્પર્ધા"નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતની વિદ્યાર્થિની બેલાની નિધિએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

નવયુગ કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, આંતર કોલેજ બેસ્ટફિઝીકસની સ્પર્ધામાં સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતનો વિદ્યાર્થી રાહુલ પાલેકર એ ૬૦ થી ૬૫ની વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો ત્યાર બાદ મિ.યુનિ.ના સિલેકસન ટ્રાયલમાં પસંદગી થઈ અને વર્ષ ૨૦૧૩-૧૪નું ટાઈટલ પોતાને નામે કર્યુ હતું.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૯-૮-૧૩ના રોજ યોજાયેલ રાખડી મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મહેતા દિવ્યા, દ્વિતીય ક્રમે પરમાર હેમીશા, પટેલ સીમા, તૃતીય ક્રમે રાઠોડ રાધા અને પાડવી કિર્તી અને ચોથા ક્રમે પટેલ પ્રિયા અને રામાણી ગૌરાંગ વિજેતા થયા હતા. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. શીતલબેન ધુલિયા અને પ્રા. પાઠક રેશ્માબેને કામગીરી બજાવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૪-૮-૧૩ના રોજ વીર નર્મદ જન્મ જયંતિ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વીર કવિ નર્મદના રેખાચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી વિતાન વોરા પ્રથમ, કુ. ઝંખના પટેલ દ્વિતિય, કુ. સુરિજના પસ્તમ અને કુ. દિપિકા પોહરે તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે લાયકા એજયુકેશનમાં ફરજ બજાવતા કુ. પૂર્વી બી. રાજપુતે સેવા આપી હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. દ્વારા આંતર કોલેજ સ્વિમીંગ સ્પર્ધા નારણલાલા કોલેજના યજમાન પદે નવસારીમાં બીજી વખતે સ્વામી વિવેકાનંદ તરણ કુંદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના ઉદ્દ્ઘાટન કાર્યક્રમમાં નવસારી નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી સુરેશભાઈ શેઠ, ચીફ એન્જી. શ્રી રાજુભાઈ ગુપ્તા,

બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યો ડૉ. રૂસ્તમ સદરી, પ્રા. ભાવેશભાઈ દેવતા, નારણલાલા ડાયરેકટર ડૉ. આર. સી. ગાંધી અને આચાર્યા શ્રીમતી ચિરાંગી દેસાઈ અને આચાર્ય ડૉ. સુનીલ નાયક ઉપસ્થિત રહયા હતા. નારણલાલા કોલેજના ડાયરેકટર ડૉ. આર. સી. ગાંધીએ તમામને આવકાર્યા હતા અને નવસારી નગરપાલિકાનો આભાર માન્યો હતો. સ્પર્ધાના રેફરી તરીકે શા.શિ. ના પ્રાધ્યાપકો અને સ્વીમીંગ પુલ સંચાલકો ઈલ્યાશ શેખે પણ સેવા આપેલ હતી અને સ્પર્ધાનું સંચાલન નારણલાલા કોલેજના શા.શિ.ના પ્રા. મયુર પટેલે કર્યું હતું. બે દિવસીય સ્પર્ધામાં રાજપીપળા, સુરત, ઓલપાડ, વ્યારા, બીલીમોરા, નવાસારીની ૧૬ કોલેજના ૪૨ ખેલાડી ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત પ્રથમ ક્રમે, નવયુગ કોમર્સ કોલેજ બીજા ક્રમે અને વી.એસ. પટેલ, બીલીમોરા કોલેજ ત્રીજા ક્રમે રહી હતી. ભાઈઓની વ્યકિતગત ચેમ્પયનશીપમાં પટેલ હિતેન્દ્ર (એમ.ટી.બી.) ચેમ્પયન રેતીવાલા દક્ષેશ (નવયુગ) રનર્સ અપ અને શેખ પરવેજ (બીલીમોરા) સેકન્ડ રનર્સ અપ રમ્યા હતા. બહેનોની વ્યકિતગત ચેમ્પયનશીપમાં કહાર કૃતિક (એમ.ટી.બી.) ચેમ્પયન, સેલર પ્રિયંકા (કે.પી.) રનર્સ અપ અને ઝેન્યા કાગા (નારણલાલા) સેકન્ડ રનર્સ અપ રહી હતી. સ્પર્ધાના આખરી દિવસે વીર નર્મદ દ.ગુ. યુનિ.ના સીલેકશન કમીટી ડેવિડ પટેલ, પ્રા. ભાવેશ દેવતા, પ્રા. ઈન્દ્રવદન જડી, પ્રા. પરિક્ષીત ઈચ્છાપોરીઆ, પ્રા ચીરાગ દેસાઈ, પ્રા. મયુર પટેલ ઉપસ્થિત રહયા હતા અને યુનિવર્સિટીની સ્વીમીંગ અને વોટરપોલો ટીમની પસંદગી કરી હતી. જે ખેલાડીઓ ઓકટોબર માસમાં ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી સ્પર્ધા બેલ્ગામ (કર્ણાટક) ખાતે ભાગ લેવા જશે.

શ્રી સત્ય સાંઈ સેવા સંસ્થા, ગુજરાત દ્વારા જિલ્લા કક્ષાએ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ જેટલા સ્પર્ધકોમાંથી નારણલાલા બી.એડ્. કોલેજ, નવસારીની પટેલ કૃતિબહેને પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધાનો વિષય હતા : દૈનિક જીવનમાં પૈસો આવે અને જાય છે, પરંતુ નૈતિકતા આવે અને મોહરે છે".

નારણલાલા બી.એડ્. કોલેજમાં રક્ષાબંધન અને જન્માષ્ટમી તહેવાર નિમિત્તે યોજાયેલ રાખડી સ્પર્ધામાં - સાગર કાજલબહેન, બહેંદી સ્પર્ધામાં - પટેલ કરિશ્મા બહેન, શીઘ્ર ચિત્ર સ્પર્ધામાં ટંડેલ ચિંતનભાઈએ પ્રથમ નંબર મેળવ્યો હતો. વર્ષાગીતના આયોજનમાં તાલીમાર્થીઓએ વર્ષારાણીને લગતા વૈવિધ્યસભર ગીતોની રજૂઆત કરી હતી. સ્પર્ધામાં અધ્યાપકો અને મંત્રીમંડળના સભ્યોએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. તા. ૭-૯-૧૩ના રોજ કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણ દ્વારા આયોજીત ગણિત દર્શન પર્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રશ્નમંચ સ્પર્ધામાં ધનાણી કવિતા અને ગુપ્તા અમિત પ્રથમ ક્રમે વિજેતા થયાં હતાં.

## ઉજવણી

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં યોજાયેલ ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ સર્વ પ્રાધ્યાપકોને પુષ્પો અર્પણ કરીને ગુરુ પ્રત્યેની ભાવભીની લાગણી વ્યકત કરી હતી. આ ઉપરાંત તાલીમાર્થીઓએ ગુરુનું માહત્મય દર્શાવતું નાટક, ભજનો અને વકતવ્યની વિવિધતાસભરની રજૂઆત કરીને ગુરુના મહિમાનું વર્ણન કર્યું હતું. કોલેજના દરેક પ્રાધ્યાપકગણે પણ ગુરુની મહત્તા દર્શાવીને આશીર્વચનો પાઠવ્યા હતા. ત્યારબાદ ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલે તાલીમાર્થીઓને આશીર્વચનો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી મોદી રુચિ અને કંથારિયા પ્રતિભાએ કર્યું હતું.

સાસ્કમા ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરતમાં વિશ્વ યુવા દિનની ઉજવણીના ભાગરૂપે શ્રી શિરિષભાઈ તાંબાવાલાનું વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું. તેમણે યુથ કન્ઝયુમર સુરક્ષા વિષે ચાર ક્ષેત્રો વીમા, શિક્ષણ, મેડીકલ અને અન્ય ક્ષેત્રોમાં ગ્રાહકની સુરક્ષા માટેની જાણકારી આપી હતી. પ્રિ. ડૉ. યુ.ટુ. દેસાઈએ શ્રી શિરિષભાઈ તથા કન્ઝયુમર પ્રોટેકસન વોઈસ ફાઉન્ડેશનના શ્રી ચેતનભાઈ ટેલરનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. પ્રા. રુચિ દેસાઈએ કાર્યક્રમનું સંચાલન અને પ્રા. એન.એમ. નાયકે આભાર વિધિ કરી હતી.

શિક્ષણ ભારતી બી.એડ્. કોલેજ, ભરથાણામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી પ્રસંગે પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. તાલીમાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે વકતવ્યો, નાટક, ભજનો જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, ઈન્ચાર્જ આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે આર્શીવચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પ્રા. દેવાંગનાબેન પટેલ તથા પ્રા. દિપ્તીબેન શ્રોફ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી મહિડા વિરેન્દ્ર તથા પટેલ અંકિતાએ કર્યું હતું.

સાસ્કમા ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરતમાં વિદ્યાર્થીઓએ રક્ષાબંધનના પર્વની ઉજવણીના ભાગરૂપે ઘોડ-દોડ રોડ સ્થિત "મમતા સંસ્થા"માં વિકલાંગ બાળકોને ૫૦ વિદ્યાર્થિનીઓએ રક્ષા બાંધી હતી. અહીં બાળકો સાથે તેમના ભાવિ વિશે ચર્ચા કરી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. ખાતે કવિ વીર નર્મદની ૧૮૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતી સાહિત્યના શ્રી વલ્લભભાઈ ઠંઠ અને સાહિત્ય મંડળના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા "કવિ નર્મદની જીવન ઝરમર" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કવિ નર્મદના જીવન પર વકતવ્ય, કવિ નર્મદની કવિતા ગાન, નાટક, એક પાત્રીય અભિનય, જય જય ગરવી ગુજરાત ગીત જેવી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતા "દહેજપ્રથા વિરુધ્ધ ઉઠાવેલ અવાજ" પર આધારિત નાટક હતું. ઈ.આચાર્ય શ્રી ડૉ. દિલીપભાઈ પટેલ તથા પ્રા. વલ્લભાઈ ઠંઠે કવિ નર્મદના જીવન-કવન પર પ્રકાશ પાડયો હતો. આ સમગ્ર કાર્યક્રમ મલ્ટીમિડિયા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી પ્રસંગે ઈ.ચા. આચાર્ય શ્રી કૌશલભાઈ પારેખ, અધ્યાપકગણ, તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં શ્રીકૃષ્ણ ભગવાનના જીવનચરિત્રનું વર્ણન અને રાસલીલાનું મહત્વ દર્શાવતા ભજનો તાલીમાર્થીઓએ રજુ કર્યા હતા. ત્યારબાદ પ્રાંગણમાં અને મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી કૌશલભાઈ પારેખે શ્રીકૃષ્ણ ભગવાનનું પારણું ઝુલાવી કૃષ્ણજન્મોત્સવને વધાવ્યો હતો.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વ્યારામાં તા. ૨૭-૮-૧૩ના રોજ નંદ મહોત્સવ 'મટકીફોડ'નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ભગવાન શ્રી કૃષ્ણની આરતી તથા પારણાંને ઝુલાવીને "નંદ ઘેર આનંદ ભયો હાથી ઘોડા પાલકી જય કનૈયાલાલ કી"ના નાદ સાથે કરવામાં આવ્યો. મટકી ફોડ માટે વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓ એમ બે અલગ વૃંદ દ્વારા અલગ અલગ રીતે તૈયાર કરેલી 'મટકી'ને ફોડવામાં આવી જેનો પૂરતો આનંદ તમામ વિદ્યાર્થીગણ તેમજ સ્ટાફગણે લીધો હતો. આ ઉત્સવનું આયોજન શૈક્ષણિક સ્ટાફ ડૉ. હીમા પંડયા તથા ડૉ. જે.જે. જૈન તેમજ અન્ય બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓના સહકાર દ્વારા આચાર્યા ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

- અંકલેશ્વર સ્થિત શ્રી સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં વીર નર્મદ જન્મજયંતિની ઉત્સાહપૂર્વક ઉજવણી પ્રસંગે કવિ વીર નર્મદને યાદ કરી તેમના જીવનમાંથી પ્રેરણા લેવા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ પ્રેરક સંદેશ આપ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ કવીઝ કોમ્પીટીશન, વકતવ્ય અને ગીત જેવી સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું વીર નર્મદના જીવન કથન વિશે ગોહિલ મિનલબેને પરિચય આપ્યો હતો. નર્મદની અમર કૃતિ જય જય ગરવી ગુજરાતની રજુઆતથી પ્રજાપતિ રીનાએ કરી હતી. આ પ્રસંગે ભાવિષાબેન ઉમરાળિયાએ નર્મદના સાહિત્ય સર્જન વિશે સમજ આપી હતી. કવીઝ કોમ્પીટીશનમાં ગૃપ સી ના સલમાનભાઈ, વિરલબેન, પૂનમબેન વિજેતા થયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિષાબેન ઉમરાળિયાએ કર્યું હતું.
- ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.) ભરથાણા, સુરતમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના, વકતવ્ય, તેમજ દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રજીસ્ટ્રારશ્રી ડૉ. અરવિંદ ઠાકર અને પ્રોફે. ડૉ. એસ.સ્નેહલતાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. દેશભકિત ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે માલી હેમાલી તથા દ્વિતિય ક્રમે ભાવસાર પાયલ આવ્યા હતા. આભારવિધિ તાલીમાર્થી આશિત પટેલે અને કાર્યક્રમનું સંચાલન મકવાણા ખુશ્બુ તથા પટેલ નિકિતાએ કર્યું હતું.
- ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.)માં કવિ વીર નર્મદની ૧૮૦મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ કવિ નર્મદના જીવન પ્રસંગ પર વકતવ્યો રજૂ કર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન માલી હેમાલી અને આભારવિધિ પડશાળા મોનિકાએ કરી હતી.
- શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્.), ભરથાણા, સુરતમાં જન્માષ્ટમી નંદમહોત્સવની ઉજવણી કરવામાં આવી. તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના, વકતવ્યો અને ભજનો તેમજ કૃષ્ણગીત ઉપર નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. અંતે મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું આયોજન પ્રા. કેતકીબેન પંડયા અને પ્રા. નીતાબેન મોહિતે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની પંચાલ અમિતાએ કર્યું હતું.

## વાંચન વિશેષ

**આત્મ વિશ્લેષણ.**

લેખક : એલ.રોન. હબર્ડ

પ્રકાશક : ન્યુ એરા પબ્લિકેશન્સ, ડેનમાર્ક., ૨૦૦૯. પૃ. ૩૭૩.

ડાયનેટિકસમાં વર્ણન પામેલ શોધો પર આધારિત પરીક્ષણો અને પ્રક્રિયાઓની સરળ અને સ્વયં સહાયક પુસ્તક એટલે આત્મ-વિશ્લેષણ. શું તમે વાસ્તવમાં સ્વયંને ઓળખો છો ? આત્મ વિશ્લેષણ દ્વારા સ્વયંને ઓળાખવાનું સંભવ છે. આ પુસ્તક આપણને ભૂતકાળમાં લઈ જાય છે, આપણી ક્ષમતાઓ અને આપણા જીવન સાથે પરિચય કરાવશે. આ પુસ્તકમાં ડાયનેટિકસના એ સિધ્ધાન્તોનો પણ સમાવેશ છે જેને અપનાવીને આપણે આપણા એ પ્રશ્નોના ઉત્તર મેળવી શકીએ છીએ. ચેતના શું છે, તેની સંપૂર્ણ વ્યાખ્યા, અમરતા માટે મનુષ્યના પ્રયાસ અને તેનો પદાર્થ, ઉર્જા, આકાશ અને સમયની સાથે સંબંધ, ડાયનેટિકસની વિસ્તૃત શોધો પર આધારિત નિબંધ જેમાં સમય, સ્મરણ, વિસ્મરણ, કલ્પનાને સામેલ કરવામાં આવેલ છે. તે સિવાય સેલ્ફ-પ્રોસેસિંગની એ સૂચનાઓ પણ સામેલ છે જે આપણને અત્યંત પ્રભાવશાળી, ઓડિટિંગ પ્રદાન કરે છે, જેનો પ્રયોગ કોઈપણ જગ્યાએ કોઈપણ સમયે કરી શકાય છે-જે આપણા વાસ્તવિક વિશ્વને બેનકાબ કરે છે. જીવનમાં આવતી મુશ્કેલીઓ પડછાયો માત્ર છે. સ્વયંને જાણો, પોતાના પડછાયાને નહીં. આત્મ વિશ્લેષણનું આ પુસ્તક આ વિષય પર આપણું માર્ગદર્શન કરે છે.

લેખક કહે છે કે "આત્મ-વિશ્લેષણ મડદાઓમાં ફરી વખત જીવ નાખી શકતું નથી. આત્મ વિશ્લેષણ દ્વારા ન તો પાગલખાનાં ખાલી થઈ શકતાં કે ન તો યુધ્ધોને રોકી શકાતાં નથી. પરંતુ આત્મ વિશ્લેષણ આપણા જીવનને અત્યંત રોચક અને સાહસિક શોધ અભિયાનની દિશામાં આપણું માર્ગદર્શન કરે છે. આપણા સ્વયંની શોધનું અભિયાન. આપણે કેટલા કાર્યકુશળ છીએ ? આપણામાં કેટલું સામર્થ્ય છે ? આપણે કેટલી ઉન્નતિ કરી શકીએ છીએ ? કહીકત એ છે કે આપણા ઈરાદા આપણા પ્રત્યે અને આપણા સાથીઓ પ્રત્યે શુભ હોય છે. જીવનમાં અનેક ખરાબ અનુભવોમાંથી પસાર થયા પછી પણ આપણું સામર્થ્ય વધારે છે, એટલું કે આપણને સ્વયંને પણ તેની જાણ નથી."

લેખક દર્શાવે છે કે "ઉસ વ્યકિત કી બાતોં પર જયાદા ધ્યાન ન દેં જો આપસે કહતા હૈ કિ યહ તરીકા, યહ સિસ્ટમ કામ નહીં કરેગા. કયોંકિ યદિ ઉસકે આસ-પાસ લોગ બહુત શકિતશાલી હો જાતે હૈં તો વહ સુરક્ષિત મહસૂસ નહીં કરેગા. સમજદાર વ્યકિત બોલને સે પહલે પરખતા હૈ ઔર તોલ-મોલ કર બોલતા હૈ. આલોચક કુછ ઔર નહીં કરતા, સિર્ફ દોષ નિકાલતા હૈ ઔર ઉદાસીન રહતા હૈ. આપકો અપની રાય જાહિર કરને કા પૂરા હક હૈ. આપકા અનુભવ ગવાહી દેગા કિ યહ સિસ્ટમ કામ કરતા હૈ યા નહીં. પશ્ચિમ કે સારે વૈજ્ઞાનિક મિલકર ભી પ્રાકૃતિક નિયમો કો બદલ નહીં સકતે".

આ પુસ્તકમાં અધ્યાયઃ ૧ સ્વયં કો કૈસે જાને ?, ૨ઃ જીવન એવં પ્રચુરતા કે નિયમ, ૩ઃ ચેતના કી મૃત્યુ, ૪ઃ અમરતા કે પ્રયાસ, ૫ઃ ચેતના કે સ્તરમાં વૃધ્ધિ, ૬ : જીવન તથા વ્યવહારમાં સ્તર કી ઉન્નતી, ૭ : માનવ મૂલ્યાંક કા હબર્ડ ચાર્ટ, ૮ : ટોન સ્કેલ પરીક્ષણ, ડિસ્ક કા પ્રયોગ કૈસે કરેં, અને ૧૦ : પ્રોસેસિંગ સેકશન સમાવેશ પામે છે. (આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com